જા.નં./મા-૨/યોગ/૨૦૨૪/૧૦૭૮

જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી,
એ/૩, જિલ્લા સેવા સદન-૨,
અઠવાલાઈન્સ, સુરત
Web : suratdeo.org
Email : suratdeo@gmail.com
તા.૨૦/૦૬/૨૦૨૪

પ્રતિ,
આચાર્યશ્રી,
સરકારી, અનુદાનિત, પ્રાથમિક,માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓ, તમામ
જિ - સુરત.

આ સાથે સામેલ કમિશનર શાળાઓની કચેરી,વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સે-૧૯,ગાાંધીનગરનો તા.૧૯/૦૬/૨૦૨૪ અન્વયે આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૪ની ઉજવણી માટે તમામ શાળાઓએ અમલ કરવા સારૂ.

જિલ્લા શિક્ષણાધિકારી
સુરત, જિલ્લો-સુરત

ક્રમાંક:ઘ/માધ્ય/પરચ/૨૦૨૪/૫૪૬૧-૭૭

કમિશનર શાળાઓની કચેરી,
વિદ્યા સમીક્ષા કેન્દ્ર, સે-૧૯,
ગુ.રા., ગાંધીનગર
તા.૧૯-૦૬-૨૦૨૪

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી,
તમામ.

વિષય: આંતરરાષ્ટ્રીય યોગ દિવસ-૨૦૨૪ની ઉજવણી બાબત.
સંદર્ભ: શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૨૪/૧૦૬/વ.ર, તા.૧૫/૦૬/૨૦૨૪

ઉપરોકત વિષય અને સંદર્ભપત્ર અન્વયે જણાવવાનું કે, ભારત સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા " સ્વયં અને સમાજ માટે યોગ"ની થીમ સાથે ૨૧ મી જૂન-૨૦૨૪ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી કરવામાં આવનાર છે.

રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગના તા.૧૩/૦૬/૨૦૨૪ના પરિપત્ર ક્રમાંક: SYCAD/MRG/e-file/19/2024/0653/PYKKA Cell ને બિડાણ સહિત આ સાથે સામેલ રાખી મોકલી આપતા જણાવવાનું કે, ઉકત પરિપત્રની વિગતો ધ્યાને લઇ આપના તાબા હેઠળની તમામ શાળાઓને જાણ કરવા તથા કાર્યક્રમની સફળતાપૂર્વક ઉજવણી માટે સહભાગી થવા અને નિયમોનુસારની કાર્યવાહી કરવા જણાવવામાં આવે છે.

નાયબ શિક્ષણ નિયામક
માધ્યમિક
ગુ.રા.ગાંધીનગર

બિડાણ: પરિપત્ર

<u>નકલ સવિનય રવાના( જાણ સારૂ).</u>
૧. રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ, બ્લોક નં-૨/૮ મો માળ, નવા સચિવાલય, ગાંધીનગર.
૨. શિક્ષણ વિભાગ, બ્લોક ૫/૭મો માળ, વ.ર શાખા(પરચ), નવા સચિવાલય, ગાંધીનગર.

ક્રમાંક:મઉમશબ/સંશોધન/૨૦૨૪/ ૧૧૬૦-૯૩.
ગુજરાત માધ્યમિક અને,
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
સેક્ટર-૧૦ બી, જૂના સચિવાલય પાસે,
ગાંધીનગર. તા.૧૮/૦૬/૨૦૨૪.

પ્રતિ,
જિલ્લા શિક્ષણાધિકારીશ્રી, (તમામ)
ગુજરાત રાજ્ય.

વિષય :- ૨૧ મી જૂન "વિશ્વ યોગ દિવસ" નિમિતે વંદે ગુજરાત ચેનલ નં-૯ પર પ્રસારણ નિહાળવા બાબત.

ઉપરોકત વિષય અન્વયે જણાવવાનું કે, ૨૧ મી જૂન "વિશ્વ યોગ દિવસ" નિમિતે યોગ અંગેના કાર્યક્રમનું નીચે જણાવ્યા મુજબ વંદે ગુજરાત ચેનલ નં-૯ પર પ્રસારણ તથા પુનઃ પ્રસારણ કરવામાં આવનાર છે.

| તારીખ | ચેનલ નંબર | પ્રસારણ સમય | પુનઃ પ્રસારણ સમય |
|---|---|---|---|
| ૨૦/૦૬/૨૦૨૪ | ૯ | સવારે ૦૮:૦૦ થી ૦૮:૩૦ | સવારે ૧૦:૩૦ થી ૧૧:૦૦ |
| ૨૧/૦૬/૨૦૨૪ | ૯ | સવારે ૦૮:૦૦ થી ૦૮:૩૦ | સવારે ૧૦:૩૦ થી ૧૧:૦૦ |
| ૨૨/૦૬/૨૦૨૪ | ૯ | સવારે ૦૮:૦૦ થી ૦૮:૩૦ | સવારે ૧૦:૩૦ થી ૧૧:૦૦ |

ઉક્ત યોગ અંગેના કાર્યક્રમનો લાભ વિદ્યાર્થીઓ, વાલીઓ તથા શિક્ષકો લઇ શકે તે માટે આપના જિલ્લાની તમામ માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓને જાણ કરવા જણાવવામાં આવે છે.

સંયુક્ત નિયામક
ગુજરાત માધ્યમિક અને
ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ,
ગાંધીનગર.

સવિનય નકલ રવાના :-
- માન.અધ્યક્ષશ્રી, ગુ.મા. અને ઉ.મા. શિક્ષણ બોર્ડ, ગાંધીનગર.

D:\Rakesh Dabhi\BISAG\Studio Booking\15 6-24.docx

Azadi Ka Amrit Mahotsav G20

**આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણીના આયોજન બાબત.**

**ગુજરાત સરકાર**
**રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ**
**બ્લોક નં. ૦૨/૮ જો માળ, નવા સચિવાલય, ગાંધીનગર**
**પરિપત્ર ક્રમાંક: SYCAD/MRG/e-file/19/2024/0653/PYKKA Cell**
**તારીખ: ૧૩/૦૬/૨૦૨૪**

**પરિપત્ર:-**

પ્રાચીન ભારતીય પરંપરા દ્વારા માનવજાતને અપાયેલી એક અમૂલ્ય ભેટ એવી "યોગ વિદ્યા" ને વિશ્વ ફલક ઉપર લાવવા તથા માનવજાતને આરોગ્ય, સુખાકારી અને માનવતા તરફ દોરવાના ઉમદા હેતુથી માનનીય વડા પ્રધાનશ્રી દ્વારા સંયુક્ત રાષ્ટ્રસંઘની ૬૯મી સામાન્ય સભા સમક્ષ ૨૧મી જુનને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવા કરેલ પ્રસ્તાવને સંયુક્ત રાષ્ટ્ર સંઘ દ્વારા મંજુર કરવામાં આવેલ. જેના ભાગરૂપે સમગ્ર વિશ્વમાં તારીખ ૨૧મી જુનના દિવસને "આંતરરાષ્ટ્રીય યોગ દિવસ" તરીકે ઉજવવામાં આવે છે.

તદ્દનુસાર વર્ષ-૨૦૧૫ થી પ્રતિ વર્ષ ૨૧ જૂનના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ભવ્ય ઉજવણી સમગ્ર વિશ્વમાં કરવામાં આવે છે. ચાલુ વર્ષે ૨૧મી જુન ૨૦૨૪ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર રાજયમાં વિશાળ જન ભાગીદારી સાથે ખૂબ જ ભવ્યતાથી યોજનાનું રાજ્ય સરકારશ્રી દ્વારા નક્કી કરવામાં આવેલ છે. ભારત સરકારશ્રી તથા રાજ્ય સરકારશ્રી દ્વારા ***"સ્વયં અને સમાજ માટે યોગ"*** ના થીમ સાથે ૨૧મી જુન-૨૦૨૪ ના રોજ આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી કરવાનું નક્કી કરવામાં આવેલ છે.

ચાલુ વર્ષે પણ ૨૧ મી જૂન, ૨૦૨૪ દસમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સમગ્ર રાજયમાં વિશાળ જનભાગીદારી સાથે કરવાની હોઈ, આ ઉજવણીના ભાગરૂપે મહાનગરપાલિકા, જિલ્લા, તાલુકા, નગરપાલિકા, ગ્રામ્ય, વોર્ડ, શાળા, કોલેજ, અન્ય સંસ્થાઓ વિગેરે તમામ કક્ષાએ યોગ દિવસના ઉજવણીના કાર્યક્રમો કરવાનું આયોજન કરવામાં આવેલ છે. આ કાર્યક્રમો ભવ્ય રીતે અને સફળતાપૂર્વક યોજાય અને તેમાં રાજયભરમાંથી મોટી સંખ્યામાં લોકો જોડાય તે હેતુથી મહાનગરપાલિકા, જિલ્લા, તાલુકા અને નગરપાલિકા કક્ષાએ નીચે મુજબની સમિતિઓની રચના કરવામાં આવે છે.

**(૧) મહાનગરપાલિકા કક્ષાની સમિતિ:**

| અ.નં | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | મ્યુનિસિપલ કમિશનરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | પોલીસ કમિશનરશ્રી | સહ અધ્યક્ષશ્રી |

| | | |
|---|---|---|
| ૩) | નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી | સભ્યશ્રી |
| ૪) | શિક્ષણને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૫) | મુખ્ય તબીબી અધિકારીશ્રી, સિવિલ | સભ્યશ્રી |
| ૬) | આરોગ્યને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૭) | નાયબ માહિતી નિયામકશ્રી | સભ્યશ્રી |
| ૮) | બાગ બગીચાને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૯) | જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૧૦) | જિલ્લા રમતગમત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૧૧) | જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૧૨) | જિલ્લા સંચાલકશ્રી, નહેરૂ યુવા કેન્દ્ર | સભ્યશ્રી |
| ૧૩) | મનપા યોગ કોર્ડીનેટર, યોગ બોર્ડ | સભ્યશ્રી |
| ૧૪) | મનપા સંયોજક, યુવા બોર્ડ | સભ્યશ્રી |

**(૨) જિલ્લા કક્ષાની સમિતિ:**

| અ.નં. | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | જિલ્લા કલેક્ટરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | જિલ્લા વિકાસ અધિકારીશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩) | જિલ્લા પોલીસ વડાશ્રી | સભ્યશ્રી |
| ૪) | નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી | સભ્યશ્રી |
| ૫) | જિલ્લા શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬) | જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૭) | નાયબ માહિતી નિયામકશ્રી | સભ્યશ્રી |
| ૮) | મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૯) | મુખ્ય તબીબી અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૧૦) | જિલ્લા આયુર્વેદિક અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૧૧) | જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૧૨) | જિલ્લા રમતગમત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૧૩) | જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૧૪) | નહેરૂ યુવા કેન્દ્ર જિલ્લા સંચાલક | સભ્યશ્રી |
| ૧૫) | જિલ્લા યોગ કોર્ડીનેટર, યોગ બોર્ડ | સભ્યશ્રી |
| ૧૬) | જિલ્લા સંયોજક, યુવા બોર્ડ | સભ્યશ્રી |

**(૩) તાલુકા કક્ષાની સમિતિ:**

| અ.નં. | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | મામલતદારશ્રી | અધ્યક્ષશ્રી |

| | | |
|---|---|---|
| ૨) | તાલુકા વિકાસ અધિકારીશ્રી | |
| ૩) | પોલીસ ઈન્સપેક્ટરશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૪) | વિસ્તરણ અધિકારીશ્રી IRD | સભ્યશ્રી |
| ૫) | તાલુકા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬) | તાલુકા આરોગ્ય અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૭) | પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૮) | નહેરૂ યુવા કેન્દ્ર પ્રતિનિધિશ્રી | સભ્યશ્રી |
| ૯) | યોગ કોચ, યોગ બોર્ડ | સભ્યશ્રી |
| ૧૦) | તાલુકા સંયોજક, યુવા બોર્ડ | સભ્યશ્રી |

**(૪) નગરપાલિકા કક્ષાની સમિતિ:**

| અ.નં. | અધિકારીનો હોદ્દો | કમિટિમાં હોદ્દો |
|---|---|---|
| ૧) | ચીફ ઓફીસરશ્રી | અધ્યક્ષશ્રી |
| ૨) | પોલીસ ઈન્સપેક્ટરશ્રી | સહ અધ્યક્ષશ્રી |
| ૩) | શિક્ષણને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૪) | આરોગ્યને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૫) | બાગ બગીચાને લગતા સંબંધિત અધિકારીશ્રી | સભ્યશ્રી |
| ૬) | પ્રાંત યુવા વિકાસ અધિકારીશ્રી | સભ્ય સચિવશ્રી |
| ૭) | નહેરૂ યુવા કેન્દ્રના પ્રતિનિધિશ્રી | સભ્યશ્રી |
| ૮) | યોગ કોચ, યોગ બોર્ડ | સભ્યશ્રી |
| ૯) | નગરપાલિકા સંયોજક, યુવા બોર્ડ | સભ્યશ્રી |

મ્યુનિસિપલ કમિશનરશ્રી, કલેકટરશ્રી, મામલતદારશ્રી, ચીફ ઓફીસરશ્રી આ કાર્યક્રમના સફળ અમલીકરણને ધ્યાનમાં રાખી તેઓને યોગ્ય જણાયે તેવા સભ્યોને ઉપર્યુક્ત સમિતિઓમાં આમંત્રિત સભ્યો તરીકે બોલાવી શકશે.

જિલ્લા/શહેર ખાતે યોજવામાં આવનારા જિલ્લા, મહાનગરપાલિકા, નગરપાલિકા, તાલુકા, ગામ, શાળા, વોર્ડ વિગેરે તમામ કક્ષાના કાર્યક્રમો માટે નાણાકીય/વહીવટી નિર્ણયો તેમજ કાર્યક્રમનું આયોજન, સુપરવિઝન, મોનીટરીંગ અને અમલીકરણ આ સમિતિ દ્વારા કરવાનું રહેશે. જરૂર જણાયે નગરપાલિકા અને તાલુકા કક્ષાની કમિટિની રચના કરી તમામ કક્ષાએ કાર્યક્રમનું આયોજન સફળતા પૂર્વક સંપન્ન થાય તે જોવાનું રહેશે.

(૧) આ કાર્યક્રમમાં નીચે મુજબના મહાનુભાવો/આમંત્રિતોને આમંત્રણ આપવાનું રહેશે.

- માન કેન્દ્રીય મંત્રીશ્રી/ રાજયમંત્રીશ્રી, સંસદસભ્યશ્રી, ધારાસભ્યશ્રી, મેયરશ્રી, જિલ્લા પંચાયત પ્રમુખશ્રી, નગરપાલિકા પ્રમુખશ્રી
- યોગ સાથે જોડાયેલ સંસ્થાઓના પ્રતિનિધિઓ

- જિલ્લાના પ્રતિષ્ઠિત નાગરિકો
- વહીવટી અધિકારીશ્રીઓ /બેન્કર્સ /નાગરિક સમાજ સંગઠનો વિગેરે

જિલ્લા કક્ષા/મહાનગરપાલિકા કક્ષાના મુખ્ય કાર્યક્રમોમાં અંદાજે ૨૦૦૦ વ્યક્તિઓ ઉપસ્થિત રહે તે રીતે આયોજન કરવાનું રહેશે. તાલુકા, નગરપાલિકા, ગામઅને મહાનગરપાલિકાના વોર્ડ કક્ષાના કાર્યક્રમમાં તથા તમામ શાળા, કોલેજો, અન્ય શૈક્ષણિક સંસ્થાઓ, આરોગ્ય કેન્દ્રો તથા અન્ય જગ્યાઓ ખાતે યોજવાના થતા કાર્યક્રમોમાં અપેક્ષિત વ્યક્તિઓની સહભાગિતા વિગતો આ સાથે સામેલ છે.

(૨) કાર્યક્રમને લગત અન્ય ધ્યાને લેવાની વિગતો નીચે મુજબ છે.

- કાર્યક્રમ સ્થળ તરીકે ખુલ્લી જગ્યા નક્કી કરવાની રહેશે.
- અત્રેથી નિયત કરવામાં આવે તે કક્ષાના કાર્યક્રમો ખાતે માન.મુખ્યમંત્રીશ્રી સાથે વર્ચ્યુઅલ સંવાદ માટે વિડીયો કોન્ફરન્સિંગ ફેસીલીટી યોગ્ય રીતે ઉપલબ્ધ રહે તે સુનિશ્ચિત કરવાનું રહેશે. ટીવી / એલ.ઈ.ડી. સ્ક્રીન, જરૂર મુજબના કેમેરા તથા માઈક સીસ્ટમ સુનિશ્ચિત કરવાની રહેશે.
- આમંત્રિતો માટે યોગ્ય કક્ષાએથી આમંત્રણ પાઠવાય તે જોવાનું રહેશે.

(૩) સ્ટેજ બેકડ્રોપ ડિઝાઈન કેન્દ્ર કક્ષાએથી ઉપલબ્ધ થયેથી રાજય કક્ષાએથી પૂરી પાડવામાં આવશે.

(૪) લાભાર્થીઓ માટે જરૂરિયાત મુજબની પાણીની વ્યવસ્થા ગોઠવવાની રહેશે.

(૫) કાર્યક્રમના સ્થળે પ્રાથમિક સારવાર, ડોકટર, એમ્બ્યુલન્સની વ્યવસ્થા કરવાની રહેશે.

(૬) કાયદો વ્યવસ્થા, વીજ પુરવઠો, સ્વચ્છતા, વીઆઇપી મુવમેન્ટ સહિતની તમામ વ્યવસ્થા કરવાની રહેશે.

(૭) મિનિટ ટુ મિનિટ કાર્યક્રમ આખરી થયે ગુજરાત રાજ્ય યોગ બોર્ડ મારફત મોકલી આપવામાં આવશે. તે મુજબ અમલીકરણ કરવાનું રહેશે.

(૮) કાર્યક્રમના સફળ અમલીકરણ માટે જરૂરી તમામ આનુષાંગિક વ્યવસ્થા કરવાની રહેશે.

(૯) કાર્યક્રમ પૂર્ણ થયે કાર્યક્રમની વિગતો જેવી કે કાર્યક્રમનું સ્થળ, ભાગ લીધેલ વ્યક્તિઓની સંખ્યા, હાજર રહેલ મહાનુભાવોની વિગત વિગેરે તથા સારી ગુણવત્તાવાળા પાંચ ફોટોગ્રાફસ આ કાર્યક્રમ માટે ગુજરાત રાજ્ય યોગ બોર્ડના બનાવવામાં આવી રહેલ પોર્ટલ ઉપર અપલોડ કરવાના રહેશે. (પોર્ટલનું URL મોકલવામાં આવશે.)

(૧૦) રાજયના ૩૨-જિલ્લા અને ૦૮-મહાનગરપાલિકાઓના કાર્યક્રમ માટે ખર્ચની મર્યાદા જિલ્લા અને મહાનગરપાલિકા દીઠ રૂ.૫.૦૦ લાખની રહેશે અને આ રકમ સંબધિત જિલ્લા કલેકટરશ્રી/મ્યુનિસિપલ કમિશનરશ્રીઓને ફાળવવામાં આવશે.

(૧૧) તાલુકા અને નગરપાલિકા કક્ષાના કાર્યક્રમ માટે રૂ.૫૦,૦૦૦/- ગ્રાન્ટ સંબંધિત જિલ્લા કલેકટરશ્રીઓને ફાળવવામાં આવશે.

(૧૨) આ અંગેનો ખર્ચ મુખ્ય સદર માંગણી ક્રમાંક : ૯૮-૨૨૦૪-ખેલકુદ અને યુવક સેવાઓ-૧૦૩-વિદ્યાર્થીઓ સિવાયના યુવક માટે કલ્યાણ કાર્યક્રમ-૦૨-ઈડીએન-૫૨ યુવલ કલ્યાણની સંકલિત યોજના હેઠળ ઉધારવાનો રહેશે.

ઉક્ત સમિતિઓએ દસમાં આંતરરાષ્ટ્રીય યોગ દિવસની ઉજવણી સંદર્ભે પૂર્વ તાલીમ, નિર્દેશ વ્યવસ્થાપન, સેનિટેશન, સ્થળ પસંદગી અને કાર્યક્રમ સંચાલન તથા ડેટા સંકલનની તમામ કામગીરી કરવાની રહેશે.

ઉક્ત સૂચનાઓ ગુજરાત રાજ્ય યોગ બોર્ડની સિંગલ વિન્ડો ફાઈલ ક્રમાંક:ગયબ/૨૧જૂન/જિલ્લાકક્ષા/કમિટિ/૨૦૨૪/૨૬ ની નોંધ ઉપર સરકારશ્રીની તા.૧૨/૦૬/૨૦૨૪ ની મળેલ મંજૂરી અન્વયે પરિપત્રિત કરવામાં આવેલ છે.

બિડાણઃ અપેક્ષિત વ્યક્તિઓની સહભાગીતા દર્શાવતું પત્રક

(સુનિલ સલુજા)
ઉપ સચિવ(સાં.પ્ર.)
રમતગમત,યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ

**પ્રતિ,**

૧. માનનીય મુખ્યમંત્રીશ્રીના અધિક મુખ્ય સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

૨. માનનીય મુખ્યમંત્રીશ્રીના ખાસ ફરજ પરના અધિકારીશ્રી, મુખ્યમંત્રીશ્રીનું કાર્યાલય, સ્વર્ણિમ સંકુલ-૧, સચિવાલય, ગાંધીનગર

૩. માનનીય મંત્રીશ્રી(આરોગ્ય) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૧, ગાંધીનગર

૪. માનનીય મંત્રીશ્રી(ગૃહ, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ) ના અંગત સચિવશ્રી, સ્વર્ણિમ સંકુલ-૨, ગાંધીનગર

૫. માન. મુખ્ય સચિવશ્રીના અંગત સચિવશ્રી,ગુજરાત રાજ્ય, બ્લોક નં.૧/૫,સચિવાલય,ગાંધીનગર

૬. અધિક મુખ્ય સચિવશ્રી( પંચાયત,ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૮, સચિવાલય, ગાંધીનગર

૭. અધિક મુખ્ય સચિવશ્રી( ગૃહ ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૨, સચિવાલય, ગાંધીનગર

૮. અધિક મુખ્ય સચિવશ્રી( મહેસુલ ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૧૧, સચિવાલય, ગાંધીનગર

૯. અધિક મુખ્ય સચિવશ્રી( આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૭, સચિવાલય, ગાંધીનગર

૧૦. અધિક મુખ્ય સચિવશ્રી(નાણા) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૪, સચિવાલય, ગાંધીનગર

૧૧. અગ્ર સચિવશ્રી(શિક્ષણ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૫, સચિવાલય, ગાંધીનગર

૧૨. અગ્ર સચિવશ્રી(શહેરી વિકાસ અને ગૃહ નિર્માણ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૧૪, સચિવાલય, ગાંધીનગર

૧૩. અગ્ર સચિવશ્રી(રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૨/૮, સચિવાલય, ગાંધીનગર
૧૪. સચિવશ્રી(પ્રવાસન વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૫, સચિવાલય, ગાંધીનગર
૧૫. સચિવશ્રી(પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૫/૭,સચિવાલય, ગાંધીનગર
૧૬. સચિવશ્રી(માહિતી અને પ્રસારણ વિભાગ) ના અંગત સચિવશ્રી, બ્લોક નં. ૨/૯, સચિવાલય,ગાંધીનગર
૧૭. કમિશનરશ્રી, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર
૧૮. સચિવશ્રી, સ્પોર્ટ્સ ઓર્થોરીટી ઓફ ગુજરાત, રેલ્વે ફાટક પાસે, વાવોલ, ગાંધીનગર
૧૯. અધ્યક્ષશ્રી, ગુજરાત રાજ્ય યોગ બોર્ડ, બ્લોક નં. ૧૯/૩, જુના સચિવાલય, ગાંધીનગર
૨૦. સર્વે મ્યુનિસિપલ કમિશનરશ્રી
૨૧. સર્વે નાયબ મ્યુનિસિપલ કમિશનરશ્રી,
૨૨. સર્વે પોલીસ કમિશનરશ્રી
૨૩. સર્વે જિલ્લા કલેકટરશ્રી( સર્વે સંબધિતોને જાણ કરવાની સુચના સહ)
૨૪. સર્વે જિલ્લા વિકાસ અધિકારીશ્રી,
૨૫. સર્વે જિલ્લા પોલીસ વડાશ્રી
૨૬. સર્વે મુખ્ય તબીબી અધિકારીશ્રી, સિવિલ
૨૭. સર્વે નિયામકશ્રી, જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી
૨૮. સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રી
૨૯. સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી
30. સર્વે નાયબ માહિતી નિયામકશ્રી
3૧. સર્વે મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીશ્રી
3૨. સર્વે મુખ્ય તબીબી અધિકારીશ્રી
33. સર્વે જિલ્લા આયુર્વેદિક અધિકારીશ્રી
3૪. સર્વે જિલ્લા યુવા વિકાસ અધિકારીશ્રી
3૫. સર્વે જિલ્લા રમત વિકાસ અધિકારીશ્રી
3૬. સર્વે જિલ્લા રમત ગમત અધિકારીશ્રી
3૭. સર્વે નહેરૂ યુવા કેન્દ્ર જિલ્લા સંચાલક
3૮. સર્વે જિલ્લા/મનપા યુવા સંયોજક, યુવા બોર્ડ, ગાંધીનગર
3૯. સર્વે જિલ્લા/મનપા યોગ કોર્ડીનેટર, યોગ બોર્ડ, ગાંધીનગર
૪૦. ડ(પાયકા) શાખા, રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ, બ્લોક નં. ૨/૮, સચિવાલય
૪૧. સિલેકટ ફાઇલ/ના.સે.અ. સિલેકટ ફાઈલ-૨૦૨૪

ફુ. ફુ.

# આંતરરાષ્ટ્રીય યોગ દિવસ - ૨૦૨૪
## ૨૧ મી જૂન ૨૦૨૪, શુક્રવાર
## કાર્યક્રમમાં અપેક્ષિત સહભાગીતા

| ક્રમ | કાર્યક્રમની કક્ષા | કાર્યક્રમ દીઠ અપેક્ષિત સહભાગીતાઓની સંખ્યા |
|---|---|---|
| ૧ | મહાનગરપાલિકા કક્ષા (૮) | ૨૦૦૦ |
| ૨ | મહાનગરપાલિકાના વોર્ડ કક્ષા (૮ મહાનગરપાલિકામાં કુલ ૨૧૧ વોર્ડ) | વોર્ડ દીઠ ૫૦૦ (વોર્ડમાં એક કરતાં વધારે કાર્યક્રમ કરી શકાશે.) |
| ૩ | જિલ્લા કક્ષા (૩૩) | ૨૦૦૦ |
| ૪ | તાલુકા કક્ષા (૨૫૧) | ૫૦૦ |
| ૫ | નગરપાલિકા કક્ષા (૧૫૬) | ૫૦૦ |
| ૬ | ગ્રામ્ય કક્ષા (૧૮,૨૨૬) | ૫૦ |
| ૭ | શૈક્ષણિક સંસ્થા ( શાળા, કોલેજ, આઇ.ટી.આઇ., પોલીટેકનિક, યુનિવર્સિટી વિગેરે) | શાળા / કોલેજ / શૈક્ષણિક સંસ્થાના તમામ વિદ્યાર્થીઓ, શિક્ષકો/અધ્યાપકો |
| ૮ | પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર (૧૪૭૭) | ૨૦૦ |
| ૯ | પેટા આરોગ્ય કેન્દ્ર (૬૫૦૦) | ૧૫૦ |
| ૧૦ | જેલ (૩૦) | તમામ કેદીઓ |
| ૧૧ | જિલ્લા પોલીસ હેડક્વાર્ટર(૩૩) | તમામ સ્ટાફ |
| ૧૨ | પોલીસ સ્ટેશન (૧૧૫૨) | તમામ સ્ટાફ |